જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૩/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૯ કેસ કરી, ૮૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૭૬/૨૦૨૩

**નવરંગપુરાઃ** કિશોરી ઉર્ફે પ્રિયંકા વા/ઓ વેદપ્રકાશ કૌશીક (ઉ.વ.૪૦) (રહે. સ્વાતી રેસીડેન્સી-૩ આઇ.ઓ.સી રોડ ચાંદખેડા) એ તા.૨૮/૦૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શેખર શર્મા (૨) પુનમ શર્મા અને (૩) કુણાલ (ઠે. નવરંગપુરા બસ સ્ટેન્ડની બાજુમાં સ્ટેડિયમ કોમ્પલેક્ષ) તેમજ (૪) પારૂલ (રહે. આસ્થા સ્કવેર આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ભેગા મળી નવરંગપુરા બસ સ્ટેન્ડની બાજુમાં સ્ટેડિયમ કોમ્પલેક્ષ ત્રીજો માળ ઓફિસ ૩૦૪ ખાતે કિશોરી ઉર્ફે પ્રિયંકા કૌશીકને તેમજ તેમના પતિને બોલાવી તેઓની કંપની પી.એસ.પી ગ્રેનાઇટ એન્ડ માર્બલસમાં પાર્ટનર બનાવી વધુ ફાયદો કરાવી આપવાની લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઇ તેઓ પાસેથી કુલ રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મેળવી લઇ કંપનીમાં પાર્ટનર નહી બનાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી તેમજ આપેલ પૈસા પરત માંગતા ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૭/૨૦૨૩**

**ચાંદખેડાઃ** આશિષ કનૈયાલાલ પટેલ (રહે. કે.બી.રોયલ એલ્ટેઝા ગ્રીન ઓરા પાસે સત્યમેવ હોસ્પિટલ રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગ્વાલીયા સ્વીટ સામે પેન્ટાલુન્સ મોલ નજીક આવેલ ગલીમા પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી જરૂરી દસ્તાવેજ, લેપટોપ, ટીફીન બોક્સ અને રોકડ રૂપિયા ૫૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૮/૨૦૨૩**

**રામોલઃ** ભરતભાઇ શાંતિલાલ પંચાલ (રહે. ઉત્સવ એપાર્ટમેન્ટ ચાંપાનેર સોસાયટી ઉસ્માનપુરા આશ્રમ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૦૦ થી ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમયાન રામોલ પરિશ્રમ એસ્ટેટ શેડ નંબર-૬૮ ની બાજુમાં પાર્ક કરેલ પોતાની મારૂતી સુઝુકી બ્રેઝા કાર નંબર જીજે ૦૧ એચયુ ૭૧૬૩ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૭૯/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નુરૂભાઇ બકસુખાન ખોખર (ઉ.વ.૫૨) (રહે. અલમસ્ત રો-હાઉસ, કશ્વાપાર્કની બાજુમાં, ફતેવાડી સરખેજ) તા.૨૮/૦૨/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે સરખેજ ઢાળ ચાર રસ્તા શેરબા પાન પાર્લર નામની દુકાન સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી નુરૂભાઇ ખોખરને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નુરૂભાઇના પુત્ર સલીમભાઇ ખોખર એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી કે.પી.સાગઠીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૦/૨૦૨૩**

**ખોખરાઃ** દશરથસિંહ ભેરુસિંહ રાજપુત (ઉ.વ.૧૯) (રહે. હરીપુરાના કાચા છાપરાં ધીરજ હાઉસીંગ સામે જોગણી માતાનો ચોક ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૩ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી